બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિનશૈક્ષણિક કર્મચારીઓના કિસ્સામાં ખાતાકીય પરીક્ષા દાખલ કરવા અંગે.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ બમશ-૧૩૦૫-૧૯૩૪-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૧.૯.૨૦૦૭

આમુખઃ-

સરકારી કર્મચારીઓને મોંઘવારી ભથ્થાના હપ્તા, વચગાળાની રાહત અને બઢતીનો અભાવ અથવા બઢતીની મર્યાદિત તકોનો પ્રશ્ન હલ કરવા માટે ઉચ્ચતર પગાર ધોરણની યોજના નાણાં વિભાગના તા. ૧૬.૮.૧૯૯૪ ના ઠરાવ ક્રમાંકઃ પગર-૧૧૯૪-૪૪-મ થી દાખલ કરવામાં આવેલ છે. જેનો લાભ બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાનાઓના બિનશૈક્ષણિક કર્મચારીઓને પણ મળે છે. આ અંગે થનાર ખર્ચ સહાયક અનુદાનની ગણતરીના નિયત ધોરણો મુજબ માન્ય ખર્ચ તરીકે ગણવામાં આવેલ છે. બિન સરકારી માધ્યમિક શાળાઓના કિસ્સામાં વિભાગના તા. ૨૧.૧૨.૧૯૭૧ ના ઠરાવ નં. એસએસએન-૩૪૬૦-૪૧૭૪૫-ગ થી પેન્શન યોજના પણ દાખલ કરવામાં આવેલ છે. આમ, સરકારી કર્મચારીઓને મળવાપાત્ર થતા લાભો આપવામાં આવેલ છે. પરંતુ, બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો,૧૯૭૪ માં ખાતાકીય પરીક્ષાની કોઇ જોગવાઇ કરવામાં આવેલ ન હોવાથી, ખાતાકીય પરીક્ષા લેવામાં આવતી નથી. નાણાં વિભાગના તા. ૧૬.૮.૧૯૯૪ ના ઠરાવ ક્રમાંકઃ પગર-૧૧૯૪-૪૪-મ ના ફકરા નં. ૩(૫) મુજબ જે કિસ્સામાં પરીક્ષાઓ નિયત થયેલ હોય ત્યાં પરીક્ષા પાસ કર્યેથી ઉચ્ચતર પગાર ધોરણ આપવા ઠરાવેલ છે. પરંતુ, ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કિસ્સામાં આવી કોઇ પરીક્ષાઓ નિયત કરેલ ન હોવાથી ઘણાં જીલ્લાઓમાં કર્મચારીઓને ખાતાકીય પરીક્ષા પાસ ન કરેલ હોવાથી ઉચ્ચતર પગાર ધોરણના લાભો આપવામાં આવતા નથી, જેના કારણે અન્ય સરકારી કર્મચારીઓને મળવાપાત્ર લાભો જયારે ગ્રાન્ટેડ શાળાઓના કર્મચારીઓને પણ મળતા હોય ત્યારે અન્ય સરકારી કર્મચારીઓની જેમ બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિનશૈક્ષણિક કર્મચારીઓના કિસ્સામાં ખાતાકીય પરીક્ષા દાખલ કરવી કે કેમ તે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિનશૈક્ષણિક કર્મચારીના કિસ્સામાં ખાતાકીય પરીક્ષા દાખલ કરવા માટે સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે જે રીતે ખાતાકીય પરીક્ષાનું આયોજન કરવામાં આવે છે તે મુજબ હવે પછી બઢતી / ઉચ્ચતર પગાર ધોરણ માટે પાત્ર થનારા કર્મચારીઓ માટે તાત્કાલિક અસરથી ખાતાકીય પરીક્ષાની જોગવાઇ દાખલ કરવા આથી ઠરાવવામાં આવે છે અને

તે મુજબ વિનિયમોમાં સુધારો કરવા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરે કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એસ.એમ.ગામીત )
ઉપસચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મ.ભો.યોજના અને શાળાઓની કચેરી, ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી....
  જિલ્લાની તમામ શાળાઓને પરિપત્રિત કરવાની વિનંતી સાથે.
- તમામ જીલ્લા તિજોરી અધિકારીશ્રી.
- તમામ જીલ્લા સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક મંડોળ હિસાબ,
- પ્રમુખશ્રી, ગુજરાત રાજય માધ્યમિક શાળા વહીવટી કર્મચારી સંઘ મહામંડળ, મોડાસા, જી. સાબરકાંઠા.
- સેકશન અધિકારીશ્રી, ગ૧ શાખા, શિક્ષણ વિભાગ.
- સેકશન અધિકારીશ્રી, છ, શાખા, શિક્ષણ વિભાગ, જરુરી કાર્યવાહી અર્થે.
- પસંદગી ફાઇલ.